IndiaFirst
LIFE INSURANCE

**Publication: Vyapar** **Date: Wednesday, 22nd July, 2015**

**Edition: Mumbai**

આપનું નાણાં આયોજન

# પરિવારને સુરક્ષિત બનાવીને નાણાકીય લક્ષ્યો સિદ્ધ કરવા માટે કેશ બેંક ઇન્સ્યુરન્સ પ્લાન્સ આદર્શ છે

**કેશ બેક પ્લાન એટલે શું?**

જ.: આ એક સરળ જીવન વીમા યોજના છે, જેમાં પોલિસીધારકને નિયમિત અંતરે નાણાં પાછાં મળતા રહે છે. તેથી તેનો પરિવાર જીવનના ઉતારચઢાવમાં પણ સુરક્ષિત રહે છે. આ યોજના પોલિસીધારકોને તે જીવનમાં જેમ પ્રગતિ કરે તેમ તેમના નાણાકીય લક્ષ્યો હાંસલ કરવામાં મદદરૂપ થાય તે રીતે તૈયાર કરવામાં આવી છે. આ યોજનાના લાભ વડે ઘર ખરીદ કરવું,



**અતિથિ કટાર**
ઋષભ ગાંધી

બાળકના શિક્ષણ માટે નાણાં, પારિવારિક વેકેશનનું આયોજન જેવા લક્ષ્યાંક પાર થઈ શકે છે. આ યોજના લોકલ જરૂરતને પહોંચી વળવા માટે નિયમિત અંતરે ચુકવણી મળે તેની ખાતરી રાખવા સાથે ભાવિ સુરક્ષિત રાખવા માટે ખાતરીદાયક મેચ્યુરિટી રકમ પણ મૂકે છે.

**કેશ બેક યોજનાની વિશિષ્ટતા શું છે?**

જ. : કેશ બેક યોજના ગ્રાહકોને મદદરૂપ થાય તે રીતે તૈયાર કરાઈ છે :

* નિયમિત ખાતરીદાયક ચુકવણી મારફત તેમનાં નાણાકીય લક્ષ્યોને પહોંચી વળાય છે.

* ખાતરીદાયક ઉમેરા મારફત રોકાણોમાં વધારો.

* થોડા સમયગાળા માટે જ ચુકવણી કરીને પછી લાંબા ગાળાના રોકાણ ઉપર લાભો મેળવો.

* જીવન રક્ષણ સાથે અનિશ્ચિતતાઓ સામે તમારા પરિવારનું રક્ષણ કરે છે.

* પ્રીમિયમ અને પ્રાપ્ત લાભો પર કર રિબેટનો લાભ.

**આ યોજનાઓની મુખ્ય વિશિષ્ટતાઓ કઈ છે?**

જ. : કેશ બેક યોજના તેની મુદત દરમિયાન નિયમિત પે બેકનો લાભ આપવા સાથે મર્યાદિત સમયગાળા માટે ચુકવણીનો વિકલ્પ પણ આપે છે. બીજા શબ્દોમાં, તમે કમાણી કરવાનાં વર્ષોમાં ચુકવણી કરી શકો છો, પરંતુ તમારી આવશ્યકતાઓને આધારે લાંબા સમયગાળા માટે રોકાણ જાળવી (ચુકવણી મુદત : ૫, ૭, ૧૦ વર્ષ, યોજનાની મુદત : ૯, ૧૨, ૧૫ વર્ષ - ઇન્ડિયાફર્સ્ટ કેશ બેક પ્લાનના કિસ્સામાં) રાખી શકો છો.

આ યોજના ગ્રાહકોને યોજનાની મુદત દરમિયાન અંતરે ખાતરીદાયક ચુકવણી મારફત તેમના જીવનની દરેક આનંદિત પળો માટે નિયોજન કરવામાં પણ મદદરૂપ થાય છે. ઉપરાંત યોજાની મેચ્યુરિટી પર ગ્રાહકને વધારાનું લોયલ્ટી બોનસ ચૂકવવામાં આવે છે.

**આ યોજના ગ્રાહકોની બદલાતી જરૂરતોને પહોંચી વળવામાં કઈ રીતે મદદરૂપ થાય છે?**

જ. : આપણા સૌ કોઈનાં નાનાંમોટાં લક્ષ્યો હોય જ છે. તેમાં ક્યાંક ફરવા જવું કે કાંઈક બનવું અથવા કાંઈક હાંસલ કરવાનો સમાવેશ છે. આ લક્ષ્યો પૂરા કરવા ઘણાનો સાથ જોઈએ. જેમ કે, આપણી ઉંમર, પારિવારિક સ્થિતિ અને આપણા જીવનના અલગ




અલગ તબક્કે સર્જાતી આકાંક્ષાઓનો સમાવેશ થાય છે. આ પરિબળો દરેક વ્યક્તિની જરૂરતોને જોડતા હોવા છતાં અમુક આકાંક્ષાઓ આપણે સૌ કોઈની હોય છે. સુરક્ષિત જીવન માટે નિયોજન પૂરતું સીમિત નથી, પરંતુ આરામદાયક ભાવિ જીવનના તમારા લાંબા ગાળાના લક્ષ્યને પહોંચી વળવા માટે ટૂંકાથી મધ્યમ ગાળાના લક્ષ્યને પહોંચી વળવાનો પણ તેમાં સમાવેશ થાય છે. પછી ભલે, પ્રથમ કાર હોય, તમારું ઘર, તમારા બાળકનું શિક્ષણ હોય કે લગ્ન કેમ ન હોય. આપણને આપણા પરિવારની ખુશીની ખાતરી રાખવા માટે આ ટૂંકા અને મધ્યમ ગાળાનાં લક્ષ્યોને પહોંચી વળવા માટે રોકડના નિયમિત પ્રવાહની જરૂર પડે છે.

કેશ બેક પ્લાન યોજનાની મેચ્યુરિટી દરમિયાન અને પછી પણ આ માટે હંમેશાં નાણાં મળી રહે તેની ખાતરી રાખે છે.

**આ યોજનામાં કોઈ કર લાભો મળે છે?**

જ. : મોટા ભાગની કેશ બેક યોજનાઓ આવકવેરા ધારા ૧૯૬૧ની કલમ ૮૦(સી) અનુસાર ચૂકવાયેલાં પ્રીમિયમ પર રૂા. ૧,૫૦,૦૦૦ સુધી કર કપાતને પાત્ર હોય છે. રોકાણકારને મેચ્યુરિટી પર સંપૂર્ણ કર લાભ મળે છે. ઉપરાંત ઉપાડની રકમ પર પણ કર લાભ મળે છે. મૃત્યુ લાભ પણ કરમુક્ત હોય છે.

**આ યોજના કયા પ્રકારના લોકો માટે અનુકૂળ છે?**

જ. : આ યોજના જીવનમાં ભાવિ લક્ષ્યો કે સિદ્ધિઓ માટે તૈયાર રહેવા માગતા દરેક માટે અનુકૂળ છે. આ સરળ, બિન-સહભાગી એન્ડોમેન્ટ પ્લાન છે, જે યોજનાની મુદત દરમિયાન નિયમિત અંતરે ખાતરીદાયક ચુકવણી અને સંચિત ખાતરીદાયક ઉમેરા (જે યોજનામાં વાર્ષિક ઉમેરો કરાય છે) સાથે મેચ્યુરિટી ચુકવણીના આધાર પર જીવનની મહત્વપૂર્ણ ઘટનાઓ માટે નિયોજન કરવામાં મદદરૂપ થાય છે.